| |
|---|
| **મહેરબાન જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**<br>**જેતપુર પાવી તાલુકા કોર્ટ, છોટાઉદેપુર** |
| **ફોજદારી કેસ નં.:–૭૧૧/૨૦૨૬**<br>**આંક :–** |
| **ફરીયાદી :–** શ્રી સરકાર<br>**વિરૂધ્ધ**<br>**આરોપી :–** વિજયભાઈ રવુભાઈ બોરીચા(કાઠી દરબાર), ઉ.વ.૩૨,<br>રહે. રાયપર ગામ, હનુમાનજી મંદીર પાસે, તા.ગઢડા,<br>જી.બોટાદ |
| **પોલીસ સ્ટેશન** :– જેતપુર પાવી |
| **ગુના રજી. નંબર** :– ૧૧૧૮૪૦૦૩૨૫૧૦૧૯/૨૦૨૫ |
| **ગુનાની વિગત :–**<br>**પ્રોહી એકટ કલમ** :– ૬૫ (એ)(ઈ),૯૮(૨), ૮૧,૮૩,૧૧૬–બી મુજબ<br>તથા **બી.એન.એસ.ની કલમ** :– ૧૧૧(૩) મુજબ |
| **વિષય** :– કમીટલ |
| **–:: હુકમ ::–** |

૧. ફરીયાદ પક્ષનાં કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા. ૧૬/૧૧/૨૦૨૫ કલાક ૦૦/૧૦ વાગે મોજે જેતપુર પાવી રેલ્વે બ્રીજ ગરનાળા પાસે આ કામના આરોપી નં. (૧) મહેશકુમાર ચતુરારામ જાતે ચૌધરી– જાટ, ઉ.વ. ૨૧ રહે. બીંજાસર, તા. ધનાઉ ચૌહાટન, જી. બાઢમેર (રાજસ્થાન) નાઓ પોતાના કબજામાનુ એક વાદળી કલરના ટાટા કંપનીનુ ટ્રક (મોટુ કન્ટેનર) આર.ટી.ઓ. રજી. નંબર આર.જે. ૦૯.જી.બી. ૪૧૬૩ માં વગર પાસ પરમીટે ગેરકાયદેસર રીતે ભારતીય બનાવટના વિદેશી દારૂની કંપની સીલ બંધ બોટલ ભરેલ પેટીઓ નંગ – ૧૫૬૧ કુલ બોટલ નંગ – ૨૮૮૧૨ કુલ કિ.રૂા. ૨,૫૦,૦૭,૫૨૦/– નો પ્રોહી મુદદામાલ તથા ઉપરોકત પ્રોહી મુદદામાલની હેરાફેરીમાં વાપરેલ ટાટા કંપનીનુ ટ્રક (મોટુ કન્ટેનર) રજી. નં. આર.જે. ૦૯.જી.બી.૪૧૬૩ જેની કિ.રૂા.

૨૦,૦૦,૦૦૦/– ગણી તથા મોબાઈલ નંગ – ૦૧ કિ.રૂા. ૫,૦૦૦/– તથા રોકડ રકમ રૂા. ૧,૬૮૦/– મળી કુલ કિ.રૂા. ૨,૭૦,૧૪,૨૦૦/– ના મુદદામાલ સાથે વિદેશી દારૂની હેરાફેરી દરમ્યાન પકડાઈ જઈ તથા આરોપી નંબર (૨) અનિલ એસ/ઓ જગદીશ પ્રસાદ પંડયા રહે. ફતેહપુર, જી. સીકર રાજસ્થાન નાઓ દારૂ ભરેલ ટેન્કર આપી તથા નં. (૩) હનુમાન રામ જેઠારામ જાતે ભાકર (ચોધરી જાટ) રહે. બાંડ, ઢાકરો કી ઢાણી, તા. ગુડામલાની, જી. બનડમેર રાજસ્થાન તથા આરોપી નં . (૪) રાધેક્રિષ્ણા એસ/ઓ ચિમનલાલ પાલીવાલ રહે. છાતીચાખેરી, તા. ગોગુન્ડા, જી. ઉદયપુર રાજસ્થાન નાઓ બંને સાથે મળીને પકડાયેલ આરોપીનો આરોપી નં. ૦૨ અનિલ પંડયાનો સંપર્ક કરાવી આપી તથા અરોપી નં. (૫) વિજયભાઈ રવુભાઈ જાતે બોરીચા (કાઠી દરબાર)રહે. રાયપર, તા ગઢડા, ની. દાહોદ, ગુજરાત નાઓ વિદેશી દારૂ મંગાવી તેઓ સાથે મળી એક બીજાના મેળાપીપણામાં રહે. ગુરાજત રાજયમાં દારૂબંધી હોવાન જાણવા છતા પોતાના આર્થિક ફાયદા સારૂ ગુજરાત રાજયમાં દારૂ વેચાણ કરવાનુ કાવતરૂ રચી વિદેશી દારૂનુ પરીવહન કરી કરાવી સંગઠીત થઈ ગુનો કર્યો. આ ગુના બાબતે તપાસને અંતે આ કામના આરોપી વિજયભાઈ રવુભાઈ જાતે બોરીચા(કાઠી દરબાર) વિરૂઘ્ધ ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ અને આ કેસ ઉપસ્થિત થયેલ.

૨. સદર ગુનાના કામે આરોપી જેલમાં હોય તેને જેલ યાદી કરી આજ રોજ આગળની ઈન્સાફી કાર્યવાહી થવા સારુ અદાલત સમક્ષ ઉપસ્થિત રખાવેલ. આરોપીને પોલીસ તપાસના કાગળોની નકલો વિનામૂલ્યે મળી ગયાની ખાતરી કરેલ છે. વધુમાં, સદર આરોપીએ ખાનગી વકીલ રોકેલ હોય તથા કમીટલના કામે પણ તે જ વકીલ ચાલુ રાખવા રજુઆત કરેલ છે. હાલના કેસમાં આરોપી સામેના આક્ષેપો જોતાં આરોપીએ પ્રોહી એકટ કલમ :– ૬૫

(એ)(ઈ),૯૮(૨),૮૧,૮૩,૧૧૬–બી તથા બી.એન.એસ.ની કલમ :– ૧૧૧(૩) મુજબનો ગુન્હો કરેલાનો આક્ષેપ છે. સદરહુ ગુન્હાઓ સબબની ટ્રાયલ ચલાવવાની સત્તા અને હકુમત નામદાર સેશન્સ અદાલતને છે. આથી, સદરહુ કેસ નામદાર સેશન્સ કોર્ટને કમીટ કરવાને પાત્ર હોઈ, તમામ પૂર્તતા થયાની ખાતરી કરી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

- આ કામના આરોપી વિજયભાઈ રવુભાઈ જાતે બોરીચા (કાઠી દરબાર), રહે.રાયપર, હનુમાનજી મંદીર પાસે, તા ગઢડા, જી. બોટાદ નાઓ સામે પ્રોહી એકટ કલમ :– ૬૫ (એ)(ઈ), ૯૮(૨),૮૧,૮૩,૧૧૬–બી તથા બી.એન.એસ.ની કલમ :– ૧૧૧ (૩) મુજબ મુજબના શિક્ષાપાત્ર ગુન્હા માટેની આગળની કાર્યવાહી થવા સારુ બી.એન.એસ.એસની કલમ :– ૨૩૨ અન્વયે નામદાર સેશન્સ કોર્ટ છોટાઉદેપુર ખાતે કમીટ કરવાનો હુકમ કરવામાં આવે છે.
- આ કેસનું તમામ અસલ રેકર્ડ નામદાર સેશન્સ કોર્ટ, છોટાઉદેપુર તરફ તાત્કાલિક મોકલી આપવુ.
- બી.એન.એસ.એસ.ની કલમ– ૨૩૨(ડી) મુજબ આ કેસ કમીટ કર્યાની જાણ મદદશનીશ જીલ્લા સરકારી વકીલશ્રી, છોટાઉદેપુર નાઓને કરવી.

હુકમ આજરોજ તારીખ ૦૬ માહે: જુન, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૦૬/૦૬/૨૦૨૬ (રાજદીપસિંહ રૂગનાથસિંહ જોધ્ધા)

સ્થળ:– જેતપુરપાવી જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ.

જજ કોડ નં. જીજે ૦૧૭૫૯